INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૧-૨-૨૦૨૫**

- **વિરમગામ કેન્દ્ર ખાતેથી ટેકાના ભાવે ડાંગર ખરીદી કૌભાંડના મુખ્ય ૪ આરોપીઓ પોલીસ પકડ બહાર કેમ ? -મનહર પટેલ**
- **વિરમગામ ડાંગર ખરીદી કૌંભાંડના મુખ્ય આરોપીનો પરિવહન ઈજારો હજુ ચાલુ છે, એ સુચવે છે કે નાગરિક પુરવઠા વિભાગ અને મંત્રાલયની સીધી સંડોવણી છે. મનહર પટેલ.**

વિરમગામ-દેત્રોજ-માંડલ વિસ્તારના ખેડૂતોની ડાંગરના ટેકાના ભાવે ખરીદી અને કરોડોનો ભ્રષ્ટાચારની ફરિયાદ ૩૧ ડિસે ૨૦૨૪ ના રોજ સરકારે નોંધી છે છતા આજ દિવસ સુધી આરોપીઓ વિરમગામમા ખુલ્લા ફરે છે, કરોડો રુપિયાનો ભ્રષ્ટાચાર આચરનારાઓને આટલી હિંમત કોણ આપી રહ્યુ છે. ? આ એક સામાન્ય સવાલ છે.

ભાજપા સરકાર ટેકાના ભાવે જ્યારે પણ જણસની ખરીદી કરી છે અને ભ્રષ્ટાચાર થાય છે, ગુના નોંધાયા છે, તપાસનું નાટક થયેલ છે અને નાના કર્મચારી કે માણસો ઉપર ફરિયાદો થાય છે અને ગુના ઉપર કોઈ કાર્યવાહી થતી નથી, એટલે ટેકાના ભાવે ખરીદી કૌભાંડો ગુનાનુ પુનરાવર્તન થાય છે આ પરંપરા રહી છે.

રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીના કાને આ રજુઆત મુકવા માંગુ છુ કે વિરમગામ ડાંગર ખરીદી કૌભાંડના મુખ્ય આરોપી ભાજપાના આગેવાન છે, તેને કરોડો રુપીયાનો કૌભાંડનો અંજામ આપ્યો છે છતા આપની પોલીસ તેને ધરપકડ કરવાની હિંમત નથી દાખવી શકતી અને સ્થાનિક વિરમગામના ધારાસભ્ય સાથે ઘનિષ્ટ સબંધો ધરાવતા હોય તેનો સંકેત આપતા કેક ખવડાવતા ફોટા મિડીયામા જોવા મળે છે, આ તમામ બાબતો આરોપીને હિંમત અને તાકાત પુરી પાડતા હોય તેવુ જણાય છે, એટલે જ ભાજપાનુ તંત્ર અને પક્ષના ચાર હાથ નીચે આ કરોડો રુપિયાનો ભ્રષ્ટાચાર આચરનાર સરકારી આરોપી સરકારી મહેમાનની જેમ ફરે છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાશ્રી મનહર પટેલનો સીધો આક્ષેપ છે કે વિરમગામ કેન્દ્ર ઉપરથી ટેકાના ભાવે થયેલ ડાંગર ખરીદીમાં ભાજપાના મોટા માથાઓના હાથ છે અને એમના કારણે જ આજે ૪૦ દિવસ પછી આ આરોપીઓ પોલીસ પકડની બહાર છે, અને ગંભીર ગુનાની તપાસ ગોકળગાયની ગતિથી ચાલી રહી છે,તે સત્તા પક્ષના ભાજપાના નેતાઓના બળ વગર શક્ય નથી.

સ્થાનિક વિસ્તારના જે ખુડુતો આર્થિક ભોગ બન્યા છે તેનો સીધો સવાલ છે કે અમરેલીની નિર્દોષ દીકરીને FIR નોંધાય અને ૨૪ કલાકમાં ધરપકડ કરનારી દાદાની પોલીસ વિરમગામ કેન્દ્ર ઉપરથી ટેકાના ભાવે ડાંગર ખરીદીના કૌભાંડીઓ સુધી કેમ પહોચી શકતી નથી ?

આમ પણ ભાજપા સરકારના ગુજરાતમાં ટેકાના ભાવે જણસ ખરીદીના અનેક કૌભાંડો થયા છે જે પૈકી અનેક આજે વણઉકેલ્યા પડ્યા છે અને સરકારી તેજુરીને કરોડો રૂપિયાનો ફટકો પડ્યો છે આ તમામ કૌભાંડોમાં કરોડો રૂપિયાની ઉચાપત થયેલ છે, આ સમગ્ર કૌભાંડોની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ ની આગેવાનીમાં કરવામાં આવે.

મારી સરકારને નમ્ર વિનંતી સાથે માંગ છે કે જે ખેડૂતોની ડાંગર ટેકાના ભાવે સરકારે ખરીદી છે તે પૈકી જે ખેડૂતોના નાણા સરકારને ચૂકવવાના બાકી હોઈ તો તેનું વહેલીતકે ચૂકવણુ કરવામાં આવે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ